# : <u>સમુદાયનો સાદ “Hello  BAOU’ ને દ્વાર</u> :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ‘Hello BAOU’ કોમ્યુનિટી રેડિયો 90.0 FM દ્વારા શિક્ષણની સાથે સમાજ ઉપયોગી, વિકાસલક્ષી કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ કરવામાં આવે છે. કોમ્યુનિટી રેડિયો એસોસિએશન - ગુજરાત ચેપ્ટર અને ‘ગમતી નિશાળ’ દ્વારા તા. 14 અને 15 ઓક્ટોબર 2023ના રોજ જી. ડી. મોદી કોલેજ, પાલનપુર ખાતે નેશનલ એજ્યુકેશન એન્ડ સોશિયલ ઈનોવેશન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આપને જણાવતા ગૌરવની લાગણી અનુભવીએ છીએ કે, આ કોન્ફરન્સમાં ‘Hello BAOU’ કોમ્યુનિટી રેડિયો 90.0 FM દ્વારા તૈયાર કરવામાં આવેલ ‘પોષણ માસ - એક ડગલું સ્વસ્થ ભવિષ્ય તરફ‘ અંગે કરેલ કાર્યને દિગીશ વ્યાસ – કો – ઓર્ડીનેટર, ‘Hello BAOU’ કોમ્યુનિટી રેડિયોએ PPT દ્વારા પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસ્તુતિ / કાર્યને શિલ્ડ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવેલ છે. જેથી યુનિવર્સીટીની યશ કલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું છે. સમુદાયની સહભાગિતા સાથે તૈયાર કરવામાં આવતા કાર્યક્રમોથી સામુદાયિક રેડિયોની અસરકારકતાનો વ્યાપ વિસ્તૃત બને છે.

આપના સાથ અને સહકારથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ પોતાના મુદ્રાલેખ ‘Education for all’ અને ‘Hello BAOU’ કમ્યુનીટી રેડીયો સમાજમાં ઉત્કર્ષ માટેના વિવિધ આયામોની સક્રિયતામાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી આશા.